# સંશોધન સારાંશ

# સુરત જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ કક્ષાએ

# સર્વ શિક્ષા અભિયાનનું મૂલ્યાંકન

# AN ASSESSMENT OF SARVA SHIKSHA ABHIYAN AT PRIMARY EDUCATION LEVEL IN SURAT DISTRICT

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં**

**પીએચ.ડી. (શિક્ષણશાસ્ત્ર)ની પદવી માટે**

**રજૂ કરવામાં આવેલ**

**મહાશોધ નિબંધનો સાર**


**માર્ગદર્શક :**
**ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ**
આચાર્ય,
શ્રીમતી વી.આર.ભકત શિક્ષણ મહાવિદ્યાલય,
કામરેજ ચાર રસ્તા,
તા. કામરેજ, જિ. સુરત.

**સંશોધક :**
**નલિનભાઈ વી. રાઠોડ**
આચાર્ય,
સુરત જિ.પં. શિક્ષણ સમિતિ સંચાલિત
મોટા વરાછા પ્રાથમિક શાળા,
તા.ચોર્યાસી, જિ.સુરત.



**શ્રીમતી વી.આર.ભકત શિક્ષણ મહાવિદ્યાલય,**
**કામરેજ ચાર રસ્તા,**
**તા. કામરેજ, જિ. સુરત.**

**નવેમ્બર : ૨૦૧૩**

## અનુક્રમણિકા


| ક્રમ | | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | 1 |
| ૨ | વિષયનો ઉદ્‌ભવ | 3 |
| ૩ | સંશોધનનો મૂલાધાર | 4 |
| ૪ | સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા | 6 |
| ૫ | સંશોધનના હેતુઓ | 9 |
| ૬ | સંશોધનના પ્રશ્નો | 10 |
| ૭ | સંશોધનનું મહત્ત્વ | 11 |
| ૮ | સંશોધનનું સીમાંકન | 12 |
| ૯ | સંશોધન પદ્ધતિ | 13 |
| ૧૦ | વ્યાપવિશ્વ અને નમૂનાની પસંદગી | 13 |
| ૧૧ | સંશોધન માટેના ઉપકરણો | 14 |
| ૧૨ | માહિતીનું એકત્રીકરણ | 15 |
| ૧૩ | માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ | 15 |
| ૧૪ | સંશોધનના તારણો | 16 |
| ૧૫ | સમાપન | 29 |
| | **સંદર્ભસૂચિ** | 30 |

## ૧. પ્રસ્તાવના

કોઈપણ વ્યકિતના અને રાષ્ટ્રના વિકાસના પાયામાં શિક્ષણ રહેલું છે. માનવીય પ્રતિભાનો વિકાસ શિક્ષણ દ્વારા જ થાય છે. આદિમાનવથી શરૂ થઈ આધુનિક માનવની વિકાસયાત્રા શિક્ષણ દ્વારા જ શકય બની છે. સાધુ (2008) ''કેળવણીના દાર્શનિક આધારો'' માં રાધાકૃષ્ણનના શિક્ષણ અંગેના વિચારો નોંધતા કહે છે કે, ''શિક્ષણ એટલે જ માનવ અને સમાજનું નિર્માણ.'' આદર્શ સમાજ અને તેના થકી રાષ્ટ્ર ઘડતર માટે શિક્ષણ અનિવાર્ય છે. આજે શિક્ષણના માધ્યમ થકી જ વ્યકિત, સમાજ કે રાષ્ટ્ર પ્રગતિના પંથે જઈ રહ્યા છે. શાહ (1996) નોંધે છે કે ''ફ્રાન્સમાં શિક્ષણને એટલું બધુ મહત્ત્વ આપવામાં આવે છે કે શિક્ષણપ્રધાન વડાપ્રધાન પછી બીજે નંબરે આવે છે. દક્ષિણ કોરીયામાં શિક્ષણને 'વિકાસનું એન્જિન' કહેવામાં આવે છે.''

સમાજ એ શિક્ષણનું પ્રતિબિંબ છે. લુહાર (2010) ''શિક્ષક, શિક્ષણ અને કેળવણી''માં મનુભાઈ પંચોળીને ટાંકતા કહે છે કે ''સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમકતાનો ઉપાય અંતઃતૃપ્તિ છે. જે સમાજ પોતાના બાળકો માટે તેમની વય તથા વૃત્તિને લક્ષમાં રાખીને સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણ વ્યવસ્થામાં યોજે છે. તેને કોર્ટો, જેલો અને લશ્કરો પાછળ ઓછું ખર્ચ કરવું પડે છે.'' જે દેશમાં જેવું શિક્ષણ હશે; તેવો તેનો સમાજ હશે. કોઈપણ રાષ્ટ્રના ભાવિનો આધાર તેનું શિક્ષણ છે. શિક્ષણનાં પાયા ઉપર જ રાષ્ટ્રની સુંદર ઈમારતનું નિર્માણ શકય બને છે. રાષ્ટ્રીય શિક્ષણ પંચ (1964-66) પોતાના અહેવાલમાં નોંધેલું છે કે "The destiny of India is now being shaped in her classrooms." રાષ્ટ્રીય ઉત્થાન, સામાજિક પરિવર્તન, સાંસ્કૃતિક સુરક્ષા અને આર્થિક ઉન્નતિ અર્થે તેમજ રાષ્ટ્ર નિર્માણ અર્થેની કોઈ અતિ મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા હોય તો તે શિક્ષણ.

શિક્ષણ રાષ્ટ્રના વિકાસનો મુખ્ય માપદંડ છે. શિક્ષણના પ્રત્યેક તબક્કે પ્રાથમિક શિક્ષણની આગવી અગત્ય તેમજ તેનું વિશિષ્ટ મહત્ત્વ રહ્યું છે. રાષ્ટ્રના માનવધનનું વ્યાપક સ્વરૂપે શિક્ષણકાર્ય પ્રાથમિક શિક્ષણ કક્ષાએ થતું જોવા મળે છે. માટે જ પ્રાથમિક શિક્ષણને પાયાની કેળવણી તરીકે ગણવામાં આવે છે. અને તેથી જ સ્વતંત્ર ભારતના બંધારણની કલમ

45 માં પ્રાથમિક શિક્ષણને મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

ભારત દેશમાં ખૂબ જ કાળજીપૂર્વક અને વ્યવસ્થિત રીતે શૈક્ષણિક આયોજન કરવામાં આવ્યું છે અને શિક્ષણનું માળખું ગોઠવવામાં આવ્યું છે. ભારતમાં સ્વતંત્રતા પછી નીમાયેલા વિવિધ શિક્ષણપંચોએ પણ શિક્ષણના માળખા અંગે દૂરંદેશી ભલામણો કરી હતી. તદ્નુસાર દેશમાં પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ એવા સ્તરો નિર્ધારિત કરવામાં આવ્યા છે. જો કે આવી વ્યવસ્થા કે માળખું કાયમી નથી હોતા. સમય અને સંજોગો અનુસાર એમાં સતત ફેરફારો પણ થતાં રહે છે જેમ કે ગુજરાત રાજયમાં હાલમાં જ ધોરણ-8 કે જે માધ્યમિક શિક્ષણનું પ્રારંભબિંદુ હતું તેનો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

શિક્ષણના જે તે સ્તરના વિશિષ્ટ શૈક્ષણિક હેતુઓ હોય છે. શિક્ષણના જે તે સ્તરે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે અને જે તે કક્ષાના શિક્ષણના હેતુઓ સિદ્ધ થઈ શકે એ માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવતા હોય છે. સમયાંતરે અનેકવિધ વિશિષ્ટ પ્રકારની યોજનાઓ અને કાર્યક્રમો મૂકાતા રહે છે. પ્રાથમિક શિક્ષણને મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવવા માટે રાષ્ટ્રકક્ષાએ તેમજ રાજયકક્ષાએ વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અમલી બનાવવામાં આવ્યા છે. જેમાં મફત કન્યા કેળવણી, મધ્યાહન ભોજન યોજના, શિક્ષણની નવી રાષ્ટ્રીય નીતિ, Plan of Action, ડી.પી.ઈ.પી. પરિયોજના, સર્વ શિક્ષા અભિયાનનો સમાવેશ થાય છે.

શિક્ષણના સાર્વત્રિકરણનાં પ્રયાસરૂપે આપણા દેશના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ‘સર્વ શિક્ષા અભિયાન’ નો ભારતમાં 6 થી 14 વર્ષના બાળકો માટે એક અભિયાન તરીકે અમલીકૃત કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને સમાજની ભાગીદારી ઉપર રચાયેલા ‘સર્વ શિક્ષા અભિયાન’ ને પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અમલી બનાવવામાં આવ્યું છે.

સર્વ શિક્ષા અભિયાન એ લાંબા સમયની વૈચારિક પ્રક્રિયાને અંતે નિશ્ચિત થયેલો અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણને ચોક્કસ સમયમાં પૂર્ણ કરવાનો રાજય અને કેન્દ્ર સરકારની સહભાગીદારીવાળો સ્વદેશી ઐતિહાસિક કાર્યક્રમ છે. આ કાર્યક્રમ પ્રાથમિક શિક્ષણને

ગુણવત્તાયુકત બનાવી તેમાં પરિવર્તનની ખાતરી આપે છે. આ કાર્યક્રમ નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તાના લક્ષ્યને લઈને ચાલે છે. આ કાર્યક્રમને કારણે પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણની દિશામાં સારું એવું પ્રદાન થઈ શકયું છે તથા આ ઉપરાંત આ યોજના પાછળના અનેક હેતુઓ સિદ્ધ થઈ શકયા હોવા સંબંધી અભ્યાસો થયા છે. પરંતુ પ્રાથમિક શિક્ષણના ગુણવત્તાયુકત સાર્વત્રીકરણનાં લક્ષ્યને લઈને ચાલતા આ કાર્યક્રમનું સમયાંતરે મૂલ્યાંકન થતું રહે એ જરૂરી છે. આ કાર્યક્રમના હેતુઓની સિદ્ધિ તરફની દિશા અને ગતિ કેવા પ્રકારની રહી છે ? નિશ્ચિત સમય અવધિનો આ કાર્યક્રમ જયારે સમય અવધિની પૂર્ણતાને આરે છે ત્યારે તેના લક્ષ્યોની સિદ્ધિનું પ્રમાણ કેવું છે ? આ કાર્યક્રમના લક્ષ્યોની સિદ્ધિ આડેના અવરોધક પરિબળો કયા છે ? આવા અવરોધક પરિબળો હોય તો તેના નિવારણ માટે શું કરવું જોઈએ ? વગેરે જેવા અનેક પ્રશ્નોના ઉત્તરો શોધવાના બાકી રહે છે. રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ સાથે સંકળાયેલા આ અને આવા અન્ય પ્રશ્નોના વૈજ્ઞાનિક ઉકેલો સુધી પહોંચવાના ઉદ્દેશો સાથે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

## ૨. વિષયનો ઉદ્‌ભવ

પ્રાથમિક શિક્ષણ એ સમગ્ર શિક્ષણરૂપી ઈમારતનો પાયો છે. નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તા એ પ્રાથમિક શિક્ષણના પાયાના પ્રશ્નો છે. સંશોધક છેલ્લા ૨૦ વર્ષથી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સક્રિય હોવાથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ઉપસ્થિત થતાં પ્રશ્નો અંગે રસ લેતા રહ્યાં હતાં. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણાના પ્રકલ્પોથી પરિચિત છે. પ્રાથમિક શિક્ષણ અંગેના સેમીનારોમાં હાજર રહેવાનું થયું છે. અનેકવાર શિક્ષક તાલીમમાં હાજર રહેવાનું તથા શિક્ષકોને તાલીમ આપવાનું બન્યું છે. શિક્ષકોની મીટીંગોમાં પ્રાથમિક શિક્ષણ સંબંધિત પ્રશ્નો અંગે ચર્ચા કરવાનું પણ બન્યું હતું. આથી પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ તથા ગુણવત્તા સુધારણા હેતુસર અમલી બનેલ સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમની માહિતી મેળવવાનું અને સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમના ધ્યોયોની સિદ્ધિ તરફની ગતિ જાણવા તેમજ પ્રાથમિક શિક્ષણ સંબંધિત પ્રશ્નો દૂર કરવામાં સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમને કેટલી સફળતા મળી ? તે જાણવા સંશોધકે **'સુરત જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ કક્ષાએ સર્વ શિક્ષા અભિયાનનું મૂલ્યાંકન'** વિષયની પસંદગી કરી હતી.

## 3. સંશોધનનો મૂલાધાર

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ માટે તથા ગુણવત્તાયુકત શિક્ષણ માટે ઘણાં પ્રયત્નો કરવામાં આવ્યા છે. વિવિધ યોજનાઓ તથા કાર્યક્રમો અમલી બન્યા છે. પ્રાથમિક શિક્ષણ કક્ષાએ ચાલતું સર્વ શિક્ષા અભિયાન પ્રાથમિક શિક્ષણનાં સાર્વત્રીકરણ, સ્થાયીકરણ તથા ગુણવત્તા પર ભાર મૂકે છે. ત્યારે સંશોધકે સર્વ શિક્ષા અભિયાન સંદર્ભે સંશોધન હાથ ધરવાનું નક્કી કર્યું. આ માટે સંશોધકે હાથ ધરેલ સંશોધનને લગતા પૂર્વે થયેલાં સંશોધનોનો અભ્યાસ કર્યો. જે નીચે પ્રમાણે છે.

જોષી (2000), ભૂસારા (2003), વ્યાસ (2004), રાણા (2006), પટેલ જે.ડી. (2007), પટેલ એસ. બી. (2009) એ એમ.એડ્. કક્ષાએ સંશોધન હાથ ધર્યા હતાં જયારે સાને (1960), ગોયેલ (1968), ટોલુ (1976), હોસેન (1978), દત્ત અને અન્યો (1982), ભકત (1991), વળવી (2000), ત્રિવેદી (2000) અહલુવાલિયા (2005), પરમાર (2006) એ પીએચ.ડી. કક્ષાએ સંશોધન હાથ ધર્યા હતા.

પ્રસ્તુત સંશોધન સાથે સંબંધિત અન્ય સંશોધનોમાં જોષી (2000) ના અભ્યાસ પરથી ફલિતાર્થ પ્રાપ્ત થાય છે કે પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સમસ્યાઓ સંબંધી સમસ્યાઓમાં શાળામાં પૂરતાં અધ્યાપન ઉપકરણો નથી, અભ્યાસક્રમ પૂરો કરવા સમય ઓછો પડે, મકાનો સુવિધાપૂર્ણ નથી, ઘણાં શિક્ષકોને એકસાથે બે વર્ગો ચલાવવા પડે, ઘણી શાળામાં પ્રાયોગિક શિક્ષણ આપી શકાતું ન હતું. ભૂસારા (2003) ના અભ્યાસમાં જણાયું હતું કે સેવાકાલીન તાલીમ આપ્યા બાદ શિક્ષકોને નિયમિત મૂલ્યાંકનની વિવિધ સાહિત્ય સામગ્રીની આવશ્યકતા જણાતી હતી. વ્યાસ (2004) ના અભ્યાસ પરથી તારણ મળ્યું કે લોક સહયોગનો શિક્ષણમાં વિનિયોગ કરવાથી બાળકનો સર્વાંગી વિકાસ સાધી શકાશે તેમ તાલીમાર્થી આચાર્યોને લાગે છે. રાણા (2006)ના અભ્યાસ મુજબ શૈક્ષણિક નવવિચારોના અસરકારક અમલીકરણ માટે નડતી સમસ્યાઓમાં વધુ પડતો વહીવટી કાર્યબોજ, ધોરણવાર શિક્ષકોનો અભાવ, બાળકોની અનિયમિતતા, શિક્ષણ સિવાયની અન્ય રાષ્ટ્રીય કામગીરીનો બોજ જાણવા મળ્યાં હતા. પટેલ જે.ડી. (2007) ના અભ્યાસના તારણોમાં નોંધાયું હતું કે વિકલાંગ બાળકો માટે તાલુકા દીઠ એક સલાયદી શાળા હોવી જોઈએ. પટેલ એસ. બી. (2009) ના અભ્યાસનું તારણ પ્રાપ્ત થયું હતું કે આચાર્યોને શિક્ષણ સિવાયની અન્ય કામગીરીનું ભારણ વધું રહેતું હતું. સાને (1960)

નોંધે છે કે ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અમલમાં હોવા છતાં કેટલાક વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ ઓછો થયો હતો. ગોયેલ (1968) ના અભ્યાસના તારણ મુજબ જે બાળકો શાળામાં દાખલ થયેલા હતા તેમાંના મોટા ભાગના બાળકો સાત ધોરણનો અભ્યાસ પૂરો કર્યા વિના શાળામાંથી ઉઠી ગયા હતા. ટોલુ (1976) ના દર્શાવ્યા અનુસાર મૂલ્યાંકન પદ્ધિત શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે અગત્યની જરૂરિયાત હોય એવું અનુભવવા મળ્યું હતું. હોસેન (1978)ના અભ્યાસના તારણમાં જણાયું હતું કે પ્રાથમિક શિક્ષણની અગત્યની સમસ્યાઓ જેવી કે સરકારની આર્થિક મુશ્કેલી, પુસ્તકો અને લેખન સામગ્રી પૂરી પાડવાની વાલીઓની અશક્તિ, થાણા શિક્ષણ અધિકારીઓ દ્વારા શાળાઓમાં અપૂરતું નિરીક્ષણ, પ્રાથમિક શિક્ષણ માટે અલગ વહીવટી માળખાની જરૂરિયાત વગેરે જોવા મળી હતી. દત્ત અને અન્યો (1982) એ નોંધ્યું હતું કે કન્યાઓ શાળા છોડી જવાના કારણોમાં ગરીબી, નાના ભાઈ-બહેનોની દેખરેખ રાખવી, કન્યાઓના શિક્ષણ પ્રત્યે માતા-પિતાની ઉદાસીનતા, વાલીઓમાં નિરક્ષરતા અને કન્યાઓ માટે અલગ શાળાઓનો અભાવ વગેરે જોવા મળ્યા હતા. પટેલ ટી. (1984) એ તારવ્યું હતું કે દેશમાં આદિવાસી કન્યાઓને શિક્ષણ લેવા અર્થે પ્રેરણા આપવાના કોઈ ખાસ કાર્યક્રમો થયા ન હતા. ભકત (1991)ના અભ્યાસના આધારે જણાયું હતું કે મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લેતા વર્ગખંડો પર્યાપ્ત નથી તેમજ મોટાભાગની સંખ્યાને શાળાઓના મકાનને મરામત કરાવવાની જરૂર છે. વળવી (2000)એ તારવ્યું હતું કે પ્રાથમિક શાળાઓમાં તાસ પ્રથાથી શિક્ષણકાર્ય થતું ન હતું. ત્રિવેદી (2000)ના અભ્યાસના તારણોમાં જણાયું હતું કે શાળામાં જુદા જુદા વિષયો માટે અલગ-અલગ અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓ જે પદ્ધતિ વડે સરળતાથી શીખે અને અભ્યાસમાં રસ દાખે તે જ પદ્ધતિ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. અહલુવાલિયા (2005) નોંધે છે કે ઉચ્ચ પ્રાથમિકના વિદ્યાર્થીઓના સંદર્ભમાં તેઓ જે સમસ્યાઓનો સામનો કરે છે તે નિરીક્ષણ કરતાં માલૂમ પડયું કે તેઓને પરીક્ષાનો ડર હોય છે, વધારે પડતું ગૃહકાર્ય આપવામાં આવે છે, સ્કૂલબેગ ઉચકવી મુશ્કેલ છે, શિક્ષકની સજાને કારણે ડરતાં હોવાથી જુઠું બોલે છે, રમવાનો સમય પૂરતો મળતો નથી. પરમાર (2006)ના અભ્યાસના તારણો દર્શાવે છે કે કન્યા કેળવણીને અસરકારક બનાવવા માટે કન્યાઓના પ્રાથમિક શિક્ષણકાર્યની સુધારણા માટે તાલીમ પામેલા શિક્ષકોની નિમણૂંક કરવી જરૂરી જણાતી હતી.

ઉપરોકત સંશોધનોના અભ્યાસના આધારે કહી શકાય કે પ્રાથમિક શિક્ષણ સંલગ્ન વિવિધ સમસ્યાઓના સંશોધનો હાથ ધરાયા હતા. પરંતુ પ્રાથમિક શિક્ષણના મૂળ પ્રશ્નો સાર્વત્રીકરણ, સ્થાયીકરણ અને ગુણવત્તાલક્ષી શિક્ષણને હલ કરવા અમલી બનેલ સર્વ શિક્ષા અભિયાનનું સુરત જિલ્લા કક્ષાએ મૂલ્યાંકન સંબંધિત કોઈ સંશોધન સંશોધકની જાણમાં આવ્યું નથી. આથી સંશોધકે સંશોધન માટે આ વિષયની પસંદગી કરી સંશોધન હાથ ધર્યું હતું.

## ૪. સમસ્યાકથન અને શબ્દોની વ્યાખ્યા

પ્રાથમિક શિક્ષણ એ સમગ્ર શિક્ષણરૂપી ઈમારતનો પાયો છે. નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તા એ પ્રાથમિક શિક્ષણના પાયાના પ્રશ્નો છે. પ્રાથમિક શિક્ષણ સંબંધિત પ્રશ્નોના નિવારણમાં સંશોધકને રસ હોવાથી પૂર્ણ ચર્ચા-વિચારણાને અંતે સંશોધકે પ્રસ્તુત સંશોધનનું શીર્ષક નીચે મુજબ નક્કી કર્યું હતું :

**સુરત જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ કક્ષાએ**

**સર્વ શિક્ષા અભિયાનનું મૂલ્યાંકન**

સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ચાલતા કાર્યક્રમો, યોજનાઓ, પ્રવૃત્તિઓનું અમલીકરણ તથા તેની સિદ્ધિ અને અસર તપાસવાનો નિર્દેશ પ્રસ્તુત શીર્ષકમાં સમાવિષ્ટ રહ્યો હતો.

### શબ્દોની વ્યાખ્યા

સંશોધન કાર્ય અર્થે પ્રારંભમાં સંશોધક શીર્ષક નિર્ધારિત કરે છે. સંશોધનના શીર્ષકમાં સમાવિષ્ટ શબ્દો ચોક્કસ અર્થ ધરાવતા હોય છે. જેથી આવા શબ્દોને વ્યાખ્યાયિત કરવા જરૂરી બને છે. સંશોધકે સંશોધન શીર્ષકમાં સમાવિષ્ટ શબ્દોનું અર્થઘટન સંશોધનના સંદર્ભમાં નીચે મુજબ આપેલ છે.

**સુરત જિલ્લો**

જિલ્લો એટલે કલેકટરના વહીવટી તાબા હેઠળનો વિસ્તાર. પ્રાંતના મુખ્ય વિભાગોમાંનો એક વિભાગ.

નર્મકોશ મુજબ જિલ્લો એટલે રાજયના બન્દોબસ્તને સારૂ દેશના પાડેલા કલ્પેલા જે ભાગો તેમાનો એક, ઈન્સાફ ચુકવવાને સારૂ સોંપી આપેલા પ્રાંતોમાંનો એક-સુરત જિલ્લો, અમદાવાદ જિલ્લો વગેરે.

ગુજરાત રાજયની સ્થાપના 1 મે 1960 માં થઈ. ગુજરાત રાજયના જિલ્લાઓ પૈકી સુરત જિલ્લો દક્ષિણ ગુજરાતમાં આવેલો છે. પ્રવર્તમાન સુરત જિલ્લામાં ચોર્યાસી, ઓલપાડ, કામરેજ, માંગરોળ, ઉમરપાડા, માંડવી, બારડોલી, મહુવા, અને પલસાણા, એવા નવ તાલુકાઓ સમાવિષ્ટ છે.

**પ્રાથમિક શિક્ષણ**

ભગવદ્ ગોમંડલ મુજબ પ્રાથમિક શિક્ષણનો અર્થ આ મુજબ કરવામાં આવ્યો છે : પ્રાથમિક એટલે [સં. પ્રથમ (પહેલાં) + ઈક (લગતું)] વિ. આરંભ દશાનું; પ્રારંભિક; પ્રાસ્તવિક; શરૂઆતનું; આરંભનું પહેલું; પહેલા પગથિયા જેવું કામ કરનારૂ.

શિક્ષણ એટલે (1). ન. કેળવણી; વિદ્યા (2). નં. બોધ; ઉપદેશ (3) [સં. શિક્ષ્ (શીખવવું) + અન (ક્રિયાવાચક પ્રત્યય)] શિક્ષા આપવી તે; ભણાવવું તે, આચાર, વિચાર, રીતભાત અને કલા વગેરેનું જ્ઞાન દાન.

Encyclopaedia Britannica માં પ્રાથમિક શિક્ષણની વિભાવના આ પ્રમાણે સ્પષ્ટ કરી છે :

“Elementary Education also called primary education, the first stage traditionally found in formal education, beginning at about age 5 to 7 and ending at about age 11 to 13”.

સામાન્ય રીતે ધોરણ એકથી સાત સુધીના વર્ગો ધરાવતી શાળાને પ્રાથમિક શાળા તરીકે ઓળખવામાં આવે છે. જો કે દેશના કેટલાક રાજયોમાં ધોરણ એકથી આઠ સુધીના વર્ગોનો પ્રાથમિક શાળામાં સમાવેશ કરવામાં આવે છે. હાલમાં ગુજરાત રાજયમાં પણ ધોરણ આઠનો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરવાનો નિર્ણય લેવાયો છે અને તબક્કાવાર ધોરણ આઠને

પ્રાથમિક શિક્ષણમાં સમાવવાનો પ્રારંભ શૈક્ષણિક વર્ષ 2010-11 થી થઈ ગયો છે. પ્રસ્તુત સંશોધન માટે પ્રાથમિક શિક્ષણ એટલે ધોરણ એકથી સાત અથવા ધોરણ એકથી આઠ સુધીના વર્ગોમાં અપાતું શિક્ષણ એવો અર્થ કરવામાં આવ્યો હતો.

**સર્વ શિક્ષા અભિયાન**

જી.સી.ઈ.આર.ટી.(2003) મુજબ સર્વ શિક્ષા અભિયાન એટલે ભારતના માનવ સંસાધન વિકાસ મંત્રાલય પુરસ્કૃત અને રાજય સરકાર દ્વારા અપનાવાયેલ પ્રાથમિક શિક્ષણની સુધારણા માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ.

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે ચોક્કસ સમય રેખાનો કાર્યક્રમ. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટેનો કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને સ્થાનિક ભાગીદારીનો કાર્યક્રમ.

**મૂલ્યાંકન**

દવે (2012) ના જણાવ્યા અનુસાર “Evaluation is a process of collecting, analysing and interpreting evidence concerning pupil achievement for the purpose of making a variety of decisions”

શિક્ષણની પ્રક્રિયા દરમ્યાન વિવિધ પરિબળોની ક્ષમતા, પ્રભાવશીલતા અને પરિણામોના વિશ્લેષણ વ્યાખ્યાયિત કરવાની પ્રક્રિયા એટલે મૂલ્યાંકન.

સામાન્ય રીતે કોઈપણ વ્યકિતના સારા-નબળા પાસાઓની વિગતવાર તપાસણી કરવી એને મૂલ્યાંકન કહેવાય. તે જ રીતે કોઈ પ્રવૃત્તિ, યોજના કે કાર્યક્રમને તેના નિર્ધારિત લક્ષ્યોની પ્રાપ્તિના સંદર્ભમાં ચકાસણી કરવી એટલે મૂલ્યાંકન એમ કહી શકાય.

## ૫. સંશોધનના હેતુઓ

કોઈપણ સંશોધનકાર્ય હેતુ વિનાનું હોઈ શકે નહિ, કારણ કે હેતુઓ સંશોધકને અંતિમ ધ્યેય સુધી લઈ જનાર દીવાદાંડી છે. પ્રસ્તુત સંશોધન નીચે દર્શાવેલ હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યું હતું :

(1) સર્વ શિક્ષા અભિયાનના પરિપ્રેક્ષ્યમાં સર્વગ્રાહી માહિતી પ્રાપ્ત કરવી.

(2) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓના નામાંકન સંદર્ભે વિદ્યાર્થી ભરતીની સિદ્ધિની જાણકારી પ્રાપ્ત કરવી.

(3) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન સંદર્ભે વિદ્યાર્થીઓના સ્થાયીકરણની પરિસ્થિતિ જાણવી.

(4) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રયોજાયેલા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, વાચન-લેખન-ગણન કાર્યક્રમ જેવા કાર્યક્રમોની ફલશ્રુતિની જાણકારી પ્રાપ્ત કરવી.

(5) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિકલાંગ બાળકો માટેની વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થા વિષયક થયેલ પ્રગતિની જાણકારી મેળવવી.

(6) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા સંદર્ભમાં થયેલાં કાર્યોની ફલશ્રુતિ જાણવી.

(7) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કન્યા કેળવણી સંદર્ભે થયેલાં કાર્યોની અસર જાણવી.

(8) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત યોજાતી શિક્ષકો માટેની સેવાકાલીન તાલીમની ફલશ્રુતિ જાણવી.

(9) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત લોકભાગીદારીની પરિસ્થિતિની જાણકારી પ્રાપ્ત કરવી.

(10) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શાળા વ્યવસ્થાપન સમિતિની ભૂમિકાની સમીક્ષા કરવી.

(11) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તાલુકા સંસાધન કેન્દ્ર અને જૂથ સંસાધન કેન્દ્રના કાર્યકર્તાઓની ભૂમિકાની ફલશ્રુતિ પ્રાપ્ત કરવી.

(12) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ભૌતિક સુવિધાઓ તથા અધ્યયન-અધ્યાપનની સાધન સામગ્રી માટે મળતા અનુદાન સંદર્ભે થયેલ વૃદ્ધિની માહિતી મેળવવી.

(13) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓના શિક્ષણની ગુણવત્તા સંદર્ભે થયેલ સિદ્ધિની જાણકારી પ્રાપ્ત કરવી.

(14) સર્વ શિક્ષા અભિયાનને વિશેષ ફળદાયી બનાવવા માટેના દિશાસૂચનો કરવા.

## ૬. સંશોધનના પ્રશ્નો

પોતાના વિષયને ધ્યાનમાં રાખીને નીચે દર્શાવેલ પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે સંશોધનકાર્ય હાથ ધરવાનો સંશોધકનો ઉપક્રમ હતો.

(1) સર્વ શિક્ષા અભિયાનની ઐતિહાસિક ભૂમિકા શી છે ?

(2) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓના નામાંકન અંગેની સ્થિતિ શી છે ?

(3) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓના સ્થાયીકરણમાં પરિસ્થિતિ કેવી છે ?

(4) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રયોજાયેલા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, વાચન-લેખન-ગણન કાર્યક્રમની ફલશ્રુતિ કેવા પ્રકારની રહી છે ?

(5) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિકલાંગ બાળકો માટેની વિશિષ્ટ શિક્ષણ વ્યવસ્થાની સિદ્ધિ કેવી રહી છે ?

(6) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થાની ફલશ્રુતિ કેવી છે ?

(7) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કન્યા કેળવણી સંદર્ભે થયેલાં કાર્યોની અસર કેવા પ્રકારની રહી છે ?

(8) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત યોજાતી શિક્ષકો માટેની સેવાકાલીન તાલીમની ફલશ્રુતિ શી છે ?

(9) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત લોકભાગીદારીથી શાળા વિકાસની સ્થિતિ કેવી છે ?

(10) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શાળા વ્યવસ્થાપન સમિતિની ભૂમિકા કેવી રહી છે ?

(11) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત તાલુકા સંસાધન કેન્દ્ર અને જૂથ સંસાધન કેન્દ્રના કાર્યકર્તાઓની ભૂમિકાની ફલશ્રુતિ કેવી છે ?

(12) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ભૌતિક સુવિધાઓ તથા અધ્યયન-અધ્યાપનની સાધન સામગ્રી માટે મળતા અનુદાન સંદર્ભે થયેલ વૃદ્ધિની ફલશ્રુતિ શી રહી છે ?

(13) સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓના શિક્ષણની ગુણવત્તાની સ્થિતિ કેવી છે ?

(14) સર્વ શિક્ષા અભિયાનને વિશેષ ફળદાયી બનાવવા માટે શું કરવું જોઈએ ?

## ૭. સંશોધનનું મહત્ત્વ

પ્રાથમિક શિક્ષણ એ દેશની પાયાની જરૂરિયાત છે. પ્રાથમિક શિક્ષણ એ પ્રારંભિક તબક્કો હોઈ, તેમાં પ્રવર્તતી શિથિલતા કે નિષ્ફળતાની સીધી અસર ક્રમિક તબક્કાઓ પર પડે છે. આ બાબતને લક્ષમાં લઈને દેશના બંધારણમાં તમામ બાળકો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો આદર્શ સ્વીકારાયો. ભારતમાં ખાસ કરીને વિસ્તરણનાં આરંભકાળમાં શિક્ષણની ક્ષિતિજોને વિસ્તારવા જતાં પ્રાથમિક શિક્ષણના વિકાસ અને ગુણવત્તાની ઉણપ પ્રવર્તે છે. પ્રાથમિક શાળાઓના વહીવટી તથા શૈક્ષણિક પ્રશ્નો અંગેના આંતરિક તથા બાહ્ય સંબંધો જોતા જણાય છે કે શિક્ષણના ધ્યેયોને સિદ્ધ કરવાનું ધારીએ તેટલું સહેલું નથી, કારણ કે બધી જ સમસ્યાઓ એકબીજા પરની પારસ્પરિક અસરો વધુ ઘેરી છે. તેમ છતાં આ ક્ષેત્રે તમામ આશાઓના કિરણો શાળાના આચાર્ય, શિક્ષકો, વાલી, સમાજ અને વહીવટી માળખાની હકારાત્મક આંતરક્રિયા પર અવલંબિત છે. જરૂર છે માત્ર સામૂહિક પ્રયાસ વડે એક તંદુરસ્ત વાતાવરણ નિર્માણની ! આવા વાતાવરણના નિર્માણ માટે સૌ ભણે સૌ આગળ વધે એ ધ્યેય તથા પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ થાય, સ્થાયીકરણ સાથે દરેક બાળકને ગુણવત્તા સભર શિક્ષણ મળે એ જવાબદારી સાથે ચાલતું સર્વ શિક્ષા અભિયાન કેટલે અંશે સફળ થયું તે જાણવા પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થી, વાલી, આચાર્ય, શિક્ષક, સમાજ અને વહીવટી માળખાને અત્યંત ઉપયોગી પુરવાર થશે. પ્રાથમિક શાળામાં ભૌતિક સુવિધાઓ, શૈક્ષણિક સાધનોની સજ્જતા જેવા પરિબળો પ્રાથમિક શિક્ષણને તેના લક્ષ્યોથી દૂર રાખે છે. આ પરિબળોને મહ્દઅંશે નિવારવા સર્વ શિક્ષા અભિયાનને મળેલ સફળતા-નિષ્ફળતા જાણવા પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા સૌને ઉપયોગી થશે. એવું સંશોધક નમ્રપણે માને છે.

## ૮. સંશોધનનું સીમાંકન

સામાન્યતઃ દરેક સંશોધક સ્થળ, કાળ અને નાણાંકીય મર્યાદાઓના સંદર્ભમાં અભ્યાસની કેટલીક મર્યાદાઓ સ્વીકારીને પોતાનું સંશોધન હાથ ધરે છે. પ્રસ્તુત સંશોધનનું સીમાંકન નીચે મુજબ સ્વીકારવામાં આવ્યું હતું :

(1) પ્રસ્તુત સંશોધન સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓ પૂરતું સીમિત રહ્યું હતું.

(2) પ્રસ્તુત સંશોધનની માહિતી એકત્ર કરવા માટે દસ્તાવેજી સાહિત્ય, અભિપ્રાયાવલિ, પ્રશ્નાવલિ, સાક્ષ્યપત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(3) માહિતી એકત્ર કરવા માટે નમૂના પસંદગી માટે યાદચ્છિક નમૂના પસંદગીની રીત અપનાવવામાં આવી હતી.

## ૯. સંશોધન પદ્ધતિ

કોઈપણ અર્થપૂર્ણ સમસ્યાનો ઉકેલ શોધવા માટે સમસ્યાના સ્વરૂપ અને ઉકેલની જરૂરિયાતના સંદર્ભમાં અમુક ચોક્કસ પદ્ધતિએ સંશોધન પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. અલગ-અલગ સમસ્યાનો ઉકેલ અલગ-અલગ પદ્ધતિથી શોધી શકાય છે. આ રીતે શૈક્ષણિક સંશોધનમાં ઉપયોગમાં લેવાતી કેટલીક પદ્ધતિઓમાં ઐતિહાસિક પદ્ધતિ, સર્વેક્ષણ પદ્ધતિ, વ્યકિત અભ્યાસ પદ્ધતિ, સંબંધાત્મક પદ્ધતિ, પ્રાયોગિક પદ્ધતિ, નિરીક્ષણ પદ્ધતિ વગેરેનો સમાવેશ થાય છે. આ પદ્ધતિઓને અભિગમની દષ્ટિએ સંખ્યાત્મક અને ગુણાત્મક એમ બે પ્રકારોમાં વર્ગીકૃત કરી શકાય છે. પરંતુ સંશોધન પ્રક્રિયાની શૈલીના આધારે કુલ ચાર વિભાગમાં આ પદ્ધતિઓને વિભાજીત કરી શકાય છે. ભૂતકાળ સાથે સંબંધિત ઘટનાઓના અભ્યાસ માટે ઐતિહાસિક પદ્ધતિ, તો વર્તમાન ઘટનાઓના અભ્યાસ માટે વર્ણનાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. સતત લાંબા સમય સુધી ચાલતા લંબગત, આડછેદી અને પ્રવાહલક્ષી અભ્યાસો વિકાસાત્મક અભ્યાસો કહેવામાં આવે છે. આ ઉપરાંત શુદ્ધ વૈજ્ઞાનિક અને સંખ્યાત્મક અભિગમથી હાથ ધરાતા અભ્યાસો માટે પ્રયોગ પદ્ધતિ અને તેની વિવિધ યોજનાઓ પ્રચલિત છે.

પ્રસ્તુત સંશોધન સુરત જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ કક્ષાએ સર્વ શિક્ષા અભિયાનનું મૂલ્યાંકન સંદર્ભે હોવાથી સર્વેક્ષણ પદ્ધતિ વધુ યોગ્ય સાબિત થતી હોય સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૧૦. વ્યાપવિશ્વ અને નમૂનાની પસંદગી

સંશોધકે ચોકસાઈપૂર્વક અને વિશદ્‌તાપૂર્વક જો કોઈપણ સમસ્યાનો અભ્યાસ કરવો હોય તો તેના વ્યાપવિશ્વની વ્યાખ્યા સ્પષ્ટ કરવી અત્યંત આવશ્ય બને છે. શાહ (2004) જણાવે છે કે ‘‘સમષ્ટિ એટલે શકય બધાં જ પ્રતિચારકો જયારે સમષ્ટિનો એક ભાગ કે જેમાં સંશોધકને પ્રવેશવાનો માર્ગ છે, તે વ્યાપવિશ્વ’’. સંશોધકે જે શીર્ષક હેઠળ સંશોધન કાર્ય હાથ ધર્યું હતું તે સંદર્ભમાં સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓને વ્યાપવિશ્વમાં સમાવેશ કર્યો હતો. તેમજ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કાર્યરત સુરત જિલ્લાના તમામ તાલુકા સંસાધન કેન્દ્રના સહસંયોજકો તથા તમામ જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ કર્યો હતો.

પ્રસ્તુત સંશોધન હાથ ધરવા અર્થે સંશોધકે નમૂના પસંદગીની વિવિધ પ્રયુકિતઓમાંથી યાદચ્છિક નમૂના પસંદગી પદ્ધતિની રીત અપનાવી હતી. શૈક્ષણિક વર્ષ દરમિયાન સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓમાંથી 209 શાળાઓમાં કાર્યરત શિક્ષકો પૈકી 638 શિક્ષકોને સંશોધકે યાદૃચ્છિક નમૂના પસંદગીની રીતથી નમૂનામાં સમાવિષ્ટ કર્યા હતા. યાદચ્છિક નમૂના પસંદગીની રીતથી પસંદ કરેલ 209 શાળાઓના આચાર્યોને નમૂનામાં સમાવિષ્ટ કર્યા હતા. સુરત જિલ્લાના નવ તાલુકા સંસાધન કેન્દ્રના સહસંયોજકો તથા 72 જૂથ સંસાધન કેન્દ્રના સહસંયેજકોને નમૂનામાં સમાવિષ્ટ કર્યા હતા.

## ૧૧. સંશોધન માટેના ઉપકરણો

પ્રત્યેક સંશોધકે સંશોધન કરવા માટે માહિતી એકત્ર કરવી પડે છે. સંશોધન માટેની માહિતી એકત્ર કરવા માટે ઘણા બધા સાધનો ઉપલબ્ધ હોય છે. શૈક્ષણિક સંશોધન ક્ષેત્રે પ્રત્યેક ઉપકરણ વિશિષ્ટ પ્રકારની માહિતી પૂરી પાડે છે. સંશોધનને અનુરૂપ માહિતી એકત્ર કરવા માટે ઘણા વિશિષ્ટ એવા સાધનો ઉપલબ્ધ હોય છે. સંશોધન માટે માહિતી એકત્ર કરવા સંદર્ભે ઉપયોગમાં લેવાતા સાધનોને સંશોધનના ઉપકરણ તરીકે આલેખવામાં આવે છે. ઉચાટ

(2000) જણાવે છે કે, "સંશોધન પ્રક્રિયા દરમ્યાન અભ્યાસના હેતુઓ અનુસાર આવશ્યક માહિતી મેળવવા માટેનાં સાધનને ઉપકરણ કહેવાય છે."

સંશોધન યોજનાની રચના કરતી વખતે જ સંશોધકે માહિતી એકત્ર કરવા કયા ઉપકરણો વાપરવા જોઈએ તેનો વિચાર કરવાનો હોય છે. સંશોધકે પ્રસ્તુત સંશોધનને અનુલક્ષીને અભિપ્રાયાવલિ, સાક્ષ્યપત્ર અને પ્રશ્નાવલિની રચના કરી હતી. સંશોધકે પ્રસ્તુત સંશોધન કાર્ય માટે પ્રાથમિક શિક્ષકો પાસેથી માહિતી એકત્ર કરવા અભિપ્રાયાવલિની, આચાર્યો તથા તાલુકા સંસાધન કેન્દ્ર સહસંયોજક પાસેથી માહિતી એકત્ર કરવા સાક્ષ્યપત્રની અને જૂથ સંસાધન કેન્દ્ર સહસંયોજક પાસેથી માહિતી એકત્ર કરવા પ્રશ્નાવલિની રચના કરી હતી.

## ૧૨. માહિતીનું એકત્રીકરણ

સંશોધન માટે માહિતીનું વ્યવસ્થિત રીતે એકત્રીકરણ થાય એ અનિવાર્ય છે. માહિતી એકત્રીકરણ કરતી વખતે સંશોધકે ધ્યાન રાખવું જરૂરી બને છે કે પ્રાપ્ય માહિતી સંશોધનને લગતી અને પૂર્ણ હોય. અધૂરી અને ભૂલ ભરેલી માહિતી સંશોધનકાર્યની ગુણવત્તાને અસર પહોંચાડે છે. સંશોધકે માહિતી એકત્રીકરણ સંદર્ભમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવો અત્યંત જરૂરી છે.

સંશોધકે સંશોધન વિષયના સંદર્ભમાં શિક્ષકોના અભિપ્રાયો મેળવવા માટે નમૂનામાં સમાવિષ્ટ થતી શાળાઓની રૂબરૂ મુલાકાતે જઈ શિક્ષકોને મળી તેમને અભિપ્રાયાવલિ આપી હતી. શિક્ષકોએ ભરેલી અભિપ્રાયાવલિ એકત્ર કરવા પુનઃ રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ રીતે કુલ 630 જેટલી અભિપ્રાયાવલિ સમય મર્યાદામાં અને સંપૂર્ણ રીતે ભરેલી પરત મળી હતી.

નમૂનામાં સમાવિષ્ટ 209 શાળાના આચાર્યો પાસેથી તથા નવ તાલુકા સંસાધન કેન્દ્રના સહ સંયોજક પાસેથી સંશોધકે રૂબરૂ મુલાકાત લઈને સંશોધન અર્થે સાક્ષ્યપત્રમાં માહિતી એકત્ર કરી હતી. તેમજ 72 જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકો પાસેથી પ્રશ્નાવલિમાં માહિતીનું એકત્રીકરણ કર્યું હતું.

## ૧૩. માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ

માહિતી એકત્રીકરણ પ્રક્રિયા બાદ અતિ આવશ્યક કાર્ય પ્રાપ્ત આંકડાકીય માહિતીનું પૃથક્કરણ કરવાનું છે. પ્રસ્તુત સંશોધન માટે ઉત્તરદાતાઓ તરફથી પ્રાપ્ત થયેલાં અભિપ્રાયોના આધારે પ્રત્યેક વિધાનનાં કાઈવર્ગ ($x^2$) મૂલ્યો નીચે પ્રમાણેના સૂત્રનો ઉપયોગ કરી શોધવામાં આવ્યા હતાં.

$$x^2 = \sum \frac{(fo - fe)^2}{fe}$$

સંશોધકે પ્રાપ્ત માહિતી પરથી કુલ સંમત અને તેની ટકાવારી તથા કુલ અસંમત અને તેની ટકાવારી પ્રાપ્ત કરી હતી. ઉત્તરદાતાઓએ સંપૂર્ણ સંમત, સંમત, તટસ્થ, અસંમત અને સંપૂર્ણ અસંમતમાં અભિપ્રાયો દર્શાવ્યા હતાં. કુલ પ્રાપ્તાંકોને ક્રમશઃ હકારાત્મક વિધાન માટે 5, 4, 3, 2, 1 ગુણ અને નકારાત્મક વિધાન માટે 1, 2, 3, 4, 5 ગુણ સાથે ગુણવામાં આવ્યા હતા અને તેના પરથી સરેરાશ ગુણભાર પ્રાપ્ત કર્યો હતો. જેને આધારે વિધાનોનો અગ્રતાક્રમ નિર્ધારિત કરવામાં આવ્યો હતો. સાક્ષ્યપત્ર અને પ્રશ્નાવલિ દ્વારા ઉપલબ્ધ માહિતીનું સામાન્યીકરણ કરીને તેનાં તારણો મેળવવામાં આવ્યાં હતાં.

## ૧૪. સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવેલ ઉપકરણો અભિપ્રાયાવલિ, સાક્ષ્યપત્ર અને પ્રશ્નાવલિ તથા દસ્તાવેજી સાહિત્યને આધારે સંશોધનના નિમ્નલિખિત પ્રમુખ તારણો મળ્યાં હતાં :

### નામાંકન સંદર્ભનાં તારણો

1. નામાંકનને કારણે ગામમાં ખરેખર પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા જાણી શકાય છે એવું 94.29 ટકા શિક્ષકો માનતા હતા.
2. મોટેભાગના શિક્ષકોએ એટલે કે 94.92 ટકા શિક્ષકોએ એવો અભિપ્રાય દર્શાવ્યો કે નામાંકનને કારણે શાળામાં બાળકોની પ્રવેશસંખ્યા વધી છે.
3. નામાંકનને કારણે શાળામાં કેટલા ટકા બાળકો દાખલ થાય છે તેની ચોક્કસ માહિતી મળે છે એવું 92.70 ટકા શિક્ષકોએ જણાવ્યું હતું.

4. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકો પૈકી કેવળ 6.03 ટકા શિક્ષકો નામાંકનને બિનઉપયોગી ગણાવ્યું હતું.
5. શાળામાં બાળકોની સંખ્યા વધારવા માટે નામાંકન જરૂરી છે એવું 82.54 ટકા શિક્ષકો માનતા હતા.

**સ્થાયીકરણ અંગેના તારણો**

1. બાળકોને મળતી નાણાંકીય, પોશાક તથા ખોરાક સંબંધિત સહાયથી સ્થાયીકરણમાં વધારો થયો છે એવો અભિપ્રાય 84.12 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.
2. શિક્ષકો દ્વારા સર્જાયેલું શાળાનું પ્રોત્સાહક વાતાવરણ સ્થાયીકરણ માટે અસરકારક બન્યું છે એવું માનનારા શિક્ષકોની ટકાવારી 87.62 જેટલી હતી.
3. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોમાંથી 82.22 ટકા શિક્ષકોનું માનવું હતું કે વાલીસંપર્ક દ્વારા આવેલ લોકજાગૃતિથી સ્થાયીકરણમાં વૃદ્ધિ થઈ છે.
4. સર્વ શિક્ષા અભિયાનને કારણે શાળામાં સ્થગિતતાનું પ્રમાણ ઘટયું છે એવું 82.54 શિક્ષકોનું માનવું હતું.
5. શાળા વ્યવસ્થાપન સમિતિ સ્થાયિકરણ માટે મદદરૂપ બને છે એવો અભિપ્રાય 73.65 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.

**પ્રવેશોત્સવ, ગુણોત્સવ, વાચન-ગણન-લેખન કાર્યક્રમ અંગેના તારણો**

1. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે એવું 91.43 ટકા ઉત્તરદાતાઓનું માનવું હતું.
2. પ્રાથમિક શિક્ષણ પ્રત્યે વાલીઓને જાગૃત કરવા માટે પ્રવેશોત્સવ અસરકારક સાબિત થયો છે- પ્રસ્તુત વિધાન સાથે 88.25 ટકા શિક્ષકો સંમત હતા.
3. ગુણોત્સવ કાર્યક્રમથી શાળાના શિક્ષણની ગુણવત્તામાં સુધારો થયો છે એવો 78.73 ટકા શિક્ષકોનો અભિપ્રાય હતો.
4. શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ગુણોત્સવ અસરકારક કાર્યક્રમ છે એવું માનનારા શિક્ષકોની ટકાવારી 68.25 જેટલી હતી.
5. વાચન-લેખન-ગણન કાર્યક્રમથી બાળકોના વાચન, લેખન, ગણનમાં સુધારો થયો છે એવું 90.79 ટકા ઉત્તરદાતાઓ માનતા હતા.

6. વાચન-લેખન-ગણન કાર્યક્રમના ઉપચારાત્મક કાર્યની વર્ગમાં અસર જોવા મળે છે એવું 85.08 ટકા શિક્ષકોનું માનવું હતું.

**વિકલાંગ બાળકોનાં શિક્ષણ અંગેના તારણો**

1. વિકલાંગ બાળકોના શિક્ષણ માટેની વ્યવસ્થાને કારણે વિકલાંગ બાળકોના શિક્ષણમાં વધારો થયો છે એવો અભિપ્રાય 81.27 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.
2. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોમાંથી 75.24 ટકા શિક્ષકોનું માનવું હતું કે વિકલાંગ બાળકોના શિક્ષણની વ્યવસ્થાને કારણે વિકલાંગ બાળકોના વાલીઓમાં શિક્ષણ સંદર્ભે જાગૃતિ આવી છે.
3. વિકલાંગતાના પ્રકાર અનુસાર બાળકોને શિક્ષણ આપનારા તાલીમી શિક્ષકોને કારણે બાળકો પ્રોત્સાહિત થયા છે- આ વિધાન સાથે 65.08 ટકા શિક્ષકો સંમત થયા હતા.
4. વિકલાંગતાની વિવિધતા પ્રમાણે બાળકોને જરૂરી શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ થાય છે એવું માનનારા શિક્ષકોની ટકાવારી 61.90 જેટલી હતી.

**વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા અંગેના તારણો**

1. વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા શિક્ષણની ગુણવત્તા માટે જરૂરી છે એવો અભિપ્રાય 75.56 ટકા શિક્ષકો ધરાવતા હતા.
2. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણ માટે વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા ઉપયોગી સાબિત થઈ છે- પ્રસ્તુત વિધાન સાથે 68.89 ટકા શિક્ષકો સંમત હતા.
3. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકો પૈકી 60.95 ટકા શિક્ષકોનું માનવું હતું કે પ્રાથમિક શિક્ષણથી વંચિત રહી ગયેલા કે શિક્ષણ અધૂરું છોડી ગયેલા બાળકોને વૈકલ્પિક શિક્ષણ દ્વારા પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરાવી શકાયું છે.
4. વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થાના વર્ગોમાં ભણાવનારા શિક્ષકોને મળતી તાલીમ ઉપયોગી પુરવાર થઈ છે એવો અભિપ્રાય ધરાવનારા શિક્ષકોની ટકાવારી 58.73 જેટલી હતી.

**કન્યા કેળવણી અંગેના તારણો**

1. સર્વ શિક્ષા અભિયાન દ્વારા કન્યા કેળવણીનું પ્રમાણ વધ્યું છે એવું 95.56 ટકા શિક્ષકોનું માનવું હતું.
2. સર્વ શિક્ષા અભિયાનના કાર્યક્રમોથી લોકોમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન મળ્યું છે એવો અભિપ્રાય દર્શાવનારા 90.79 ટકા શિક્ષકો હતા.
3. કન્યાઓ માટે ઉભી કરવામાં આવેલી અલાયદી ભૌતિક સુવિધાઓથી વાલીઓમાં કન્યા કેળવણી અંગે હકારાત્મક વલણ વધ્યું છે એવું શિક્ષકો સ્પષ્ટ માનતા હતા.
4. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકો પૈકી 87.61 ટકા શિક્ષકોનું માનવું હતું કે કન્યાઓને મળતા વિશેષ લાભોને કારણે વાલીઓ કન્યાને શિક્ષણ આપવા પ્રેરાયા છે.
5. કન્યાની માતાને જાગૃત કરવાના કાર્યક્રમથી કન્યા કેળવણીમાં વૃદ્ધિ થઈ છે એવું માનનારા શિક્ષકો 83.81 ટકા જેટલા હતાં.

**સેવાકાલીન તાલીમ અંગેના તારણો**

1. સેવા કાલીન તાલીમથી કઠિન ક્ષમતાઓને સરળ બનાવવાની પદ્ધતિ, પ્રયુકિત, પ્રવૃત્તિ જાણી શૈક્ષણિક કાર્યને રસમય બનાવી શકાયું છે એવો અભિપ્રાય ધરાવનારા શિક્ષકોની ટકાવારી 86.99 જેટલી હતી.
2. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોમાંથી 86.35 ટકા શિક્ષકો માનતા હતા કે સેવાકાલીન તાલીમથી પ્રાપ્ત કરેલા કૌશલ્યોને કારણે વર્ગનું વાતાવરણ પ્રોત્સાહક બનાવી શકાયું છે.
3. સેવાકાલીન તાલીમમાં મોડયુલ તથા સંદર્ભ સાહિત્યની મદદથી વર્ગનું શિક્ષણકાર્ય અસરકારક બન્યું છે એવો મત દર્શાવનારા શિક્ષકો 84.76 ટકા જેટલા હતા.
4. સેવાકાલીન તાલીમથી શિક્ષકની અધ્યાપન સજ્જતામાં વધારો થયો છે એવો અભિપ્રાય 80.63 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.
5. તાલીમમાં શીખેલી બાબતો વાસ્તવિક શિક્ષણકાર્યમાં ઉપયોગી બનતી નથી- આ વિધાન સાથે 66.98 ટકા શિક્ષકો અસંમત થયા હતા.

**લોકભાગીદારી અંગેના તારણો**

1. લોકભાગીદારી લોકોની શાળા પ્રત્યેની સભાનતા વધારે છે- પ્રસ્તુત વિધાન સાથે 86.19 ટકા શિક્ષકોએ સંમતિ દર્શાવી હતી.
2. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોમાંથી 81.90 ટકા શિક્ષકો એવું માનતા હતા કે લોકભાગીદારી દ્વારા શાળાના વિકાસ અંગે લોકોમાં જાગૃતિ આવી છે.
3. લોકભાગીદારીએ શાળાના શિક્ષણકાર્યને વેગવંતુ બનાવ્યું છે એવો અભિપ્રાય 79.05 ટકા શિક્ષકોએ આપ્યો હતો.
4. લોકભાગીદારી શિક્ષણનાં સાર્વત્રીકરણ માટે જરૂરી છે- એવું માનનારા શિક્ષકોની સંખ્યા 79.37 ટકા જેટલી હતી.
5. લોકભાગીદારીને કારણે શાળાની ભૌતિક સુવિધાઓમાં વધારો થયો છે- આ વિધાન સાથે 75.24 ટકા જેટલી હતી.

**શાળાના વ્યવસ્થાપન સમિતિ સંદર્ભે તારણો**

1. શાળા વ્યવસ્થાપન સમિતિને લીધે લોકોમાં બાળકોના શિક્ષણ અંગે જાગૃતિ વધી છે એવો અભિપ્રાય 80.32 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.
2. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકો પૈકી 73.97 ટકા શિક્ષકોએ જણાવ્યું હતું કે શાળા વ્યવસ્થાપન સમિતિના મહિલા સભ્યોને કારણે કન્યા કેળવણીને પ્રોત્સાહન મળ્યું છે.
3. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો શાળાના ભૌતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે માર્ગદર્શક તથા સહાયક બન્યા છે એવું 68.89 ટકા જેટલા શિક્ષકો માનતા હતા.
4. શાળા વ્યવસ્થાપન સમિતિ શાળાને મળતા અનુદાનના ઉપયોગમાં માર્ગદર્શક બને છે એવો અભિપ્રાય 67.30 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.

**તાલુકા સંસાધન કેન્દ્ર (BRC) તથા જૂથ સંસાધન કેન્દ્ર** (CRC) **અંગેના તારણો**

1. તાલુકા સંસાધન કેન્દ્ર (BRC) શિક્ષકને પ્રોત્સાહન પૂરું પાડી નવી શૈક્ષણિક પદ્ધતિ, પ્રયુક્તિ વિકસાવવામાં ઉપયોગી પુરવાર થયું છે એવો અભિપ્રાય 81.59 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.
2. તાલુકા સંસાધન કેન્દ્ર (BRC) એ શિક્ષણ સંબંધિત સમસ્યાઓનો સંશોધન દ્વારા વૈજ્ઞાનિક ઉકેલ સૂચવી શિક્ષણને અસરકારક તથા ગુણવત્તાયુકત બનાવ્યું છે એવું 77.14 ટકા શિક્ષકો માનતા હતા.
3. તાલુકા સંસાધન કેન્દ્ર (BRC) દ્વારા મળતાં માર્ગદર્શનથી અધ્યાપન કાર્યમાં સુધારો થયો છે- પ્રસ્તુત વિધાન સાથે 77.14 ટકા શિક્ષકોએ સંમતિ દર્શાવી હતી.
4. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોમાંથી 83.17 ટકા શિક્ષકોએ એવો અભિપ્રાય દર્શાવ્યો હતો કે જૂથ સંસાધન કેન્દ્ર (CRC) એ અધ્યયન-અધ્યાપન સામગ્રીના નિર્માણ તથા અજમાયશ માટે માર્ગદર્શન આપી વર્ગ શિક્ષણને અસરકારક બનાવ્યું છે.
5. જૂથ સંસાધન કેન્દ્ર (CRC) શિક્ષકોની શૈક્ષણિક સમસ્યાઓને ઉકેલવામાં મદદરૂપ બન્યું છે- વિધાન સાથે 82.54 ટકા શિક્ષકો સંમત હતા.

**અનુદાન અંગેના તારણો**

1. શાળાને મળતી ભૌતિક સુવિધાઓના અનુદાનથી શાળામાં ભૌતિક સ્તરમાં સુધારો થયો છે એવું 93.02 ટકા શિક્ષકોનું સ્પષ્ટ માનવું હતું.
2. અધ્યયન-અધ્યાપન સામગ્રીના અનુદાનથી બનેલી સામગ્રીના ઉપયોગ વડે વર્ગ શિક્ષણકાર્ય અસરકારક બન્યું છે એવો અભિપ્રાય 93.02 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.
3. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોમાંથી 88.26 ટકા શિક્ષકોએ જણાવ્યું હતું કે અધ્યયન-અધ્યાપન સામગ્રીના અનુદાનથી સાધન નિર્માણને લીધે બાળકોમાં રચનાત્મક કૌશલ્યોનો વિકાસ થયો છે.
4. શાળાને મળતા ભૌતિક સુવિધાના અનુદાનથી શાળાના શિક્ષણની ગુણવત્તામાં વૃદ્ધિ થઈ છે એવું 83.49 ટકા શિક્ષકો માનતા હતા.

**શિક્ષણની ગુણવત્તા અંગેના તારણો**

1. સર્વ શિક્ષા અભિયાનને લીધે શાળાનો વિકાસ થયો છે- આ વિધાન સાથે 91.75 ટકા શિક્ષકો સંમત હતા.
2. નમૂનામાં સમાવિષ્ટ શિક્ષકોમાંથી 87.31 ટકા શિક્ષકોનું માનવું હતું કે સર્વ શિક્ષા અભિયાનને કારણે શિક્ષકોની શૈક્ષણિક સજ્જતા વધી છે.
3. સર્વ શિક્ષા અભિયાનના કાર્યક્રમોને કારણે શિક્ષણની ગુણવત્તામાં સુધારો થયો છે એવો અભિપ્રાય 85.71 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.
4. શિક્ષકોની શૈક્ષણિક ગુણવત્તા જાળવવામાં સર્વ શિક્ષા અભિયાન સફળ થયું છે- પ્રસ્તુત વિધાન સાથે 72.38 ટકા શિક્ષકો સંમત થયા હતા.
5. શાળામાં ધોરણવાર વિષયની ગુણવત્તા વધે તેવા પ્રયત્નોમાં સર્વ શિક્ષા અભિયાન સફળ થયું છે એવું 70.48 ટકા શિક્ષકો માનતા હતા.
6. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા ચકાસણી માટેની યોગ્ય મૂલ્યાંકન પ્રવિધિ સર્વ શિક્ષા અભિયાન પૂરી પાડી શકયું છે એવો મત 66.03 ટકા શિક્ષકોએ દર્શાવ્યો હતો.
7. સર્વ શિક્ષા અભિયાન પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાના સ્તરમાં વૃદ્ધિનો હેતુ સિદ્ધ કરી શકયું નથી.- પ્રસ્તુત વિધાન સાથે 65.08 ટકા શિક્ષકો અસંમત થયા હતા.

❖ **મુકત જવાબી પ્રશ્નોમાંથી મળતાં તારણો**

1. સર્વ શિક્ષા અભિયાનનાના મુખ્ય લક્ષ્યો સિદ્ધ થયા છે એવું 77.44% શિક્ષકો માનતા હતા. જયારે 22.06 ટકા શિક્ષકોએ ઉત્તર ના આપ્યો હતો.
2. નામાંકનને કારણે શાળામાં બાળકોની પ્રવેશ સંખ્યા વધી છે એવું શિક્ષકોનું સ્પષ્ટ માનવું હતું.
3. શાળામાં સ્થાયીકરણનું પ્રમાણ વધ્યું છે એવું શિક્ષકોએ જણાવ્યું હતું.
4. સર્વ શિક્ષા અભિયાનના કાર્યક્રમોને કારણે શાળાના શિક્ષણની ગુણવત્તામાં સુધારો થયો છે એવું શિક્ષકોનું માનવું હતું.
5. શિક્ષકોએ જણાવ્યું હતું કે વાલીઓનો બાળકના શિક્ષણ માટે સહકાર મળતો નથી જેની શિક્ષણની ગુણવત્તા પર અસર થાય છે.

❖ **સાક્ષ્યપત્રોને આધારે પ્રાપ્ત થયેલાં તારણો (આચાર્યો)**

1. નામાંકનને કારણે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે એવું 80.38 ટકા આચાર્યોનું માનવું હતું.
2. નમૂનામાં સમાવિષ્ટ શાળાના આચાર્યો પૈકી 76.56 ટકા આચાર્યોએ જણાવ્યું હતું કે મધ્યાહન ભોજન યોજના, ગણવેશ-પાટીપેન સહાય, શિષ્યવૃત્તિ, મફત પાઠયપુસ્તક સહાય, શાળાની ભૌતિક સુવિધા માટે મળતા અનુદાન તથા વાલીસંપર્ક જેવા કાર્યક્રમોને કારણે શાળામાં સ્થાયીકરણનું પ્રમાણ વધ્યું છે.
3. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સંદર્ભમાં રાખવામાં આવતા સાંસ્કૃતિક કાર્યક્રમો, વાલી સન્માન કાર્યક્રમ, શૈક્ષણિક કીટ, દાતાઓની સહાય, કન્યાઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ જેવી યોજનાઓને કારણે શાળામાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા વધી છે એવું 74.16 ટકા આચાર્યોનું સ્પષ્ટ માનવું હતું.
4. શાળા શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે ગુણોત્સવ કાર્યક્રમ ઉપયોગી સાબિત થયો છે એવું 66.99 ટકા આચાર્યોએ જણાવ્યું હતું.
5. વાચન-ગણન-લેખન કાર્યક્રમની પ્રવૃત્તિઓને કારણે નબળા વિદ્યાર્થીઓના વાચન-ગણન-લેખનમાં સુધારો થયો છે એવું 76.08 ટકા આચાર્યો માનતા હતા.
6. શાળામાં વિકલાંગ બાળકો પ્રવેશ મેળવતા થયા છે તથા વિકલાંગતાના પ્રકાર અનુસાર પ્રાથમિક શિક્ષણ મેળવતા થયા છે એવું 59.81 ટકા આચાર્યોએ જણાવ્યું હતું.
7. વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થાને કારણે પ્રાથમિક શિક્ષણથી વંચિત રહી ગયેલ બાળકોને તેની વય અનુસાર પ્રારંભિક શિક્ષણ મળી રહે છે એવું 57.42 ટકા આચાર્યોનું માનવું હતું.
8. વિદ્યાલક્ષી બોન્ડ, કન્યાઓ માટે અનાજ વિતરણ યોજના, કન્યાઓ માટે અલગ સેનીટેશન વ્યવસ્થા, મીનામંચની પ્રવૃત્તિઓ જેવા કાર્યક્રમો-યોજનાને કારણે શાળામાં કન્યા કેળવણીનું પ્રમાણ વધ્યું છે એવું 90.43 ટકા આચાર્યોએ જણાવ્યું હતું.
9. સેવાકાલીન તાલીમમાં જાણવા મળતી વિવિધ પધ્ધતિઓ, પ્રયુકિતઓ તથા કઠિન મુદ્દાઓને સરળ બનાવવા માટેની રીતોની જાણકારી મળવાને કારણે શિક્ષકોની સજ્જતામાં સુધારો થયો છે એવું 86.60 ટકા આચાર્યો માનતા હતા.

10. નમૂનામાં સમાવિષ્ટ શાળાઓનાં આચાર્યો પૈકી 90.90 ટકા આચાર્યોએ જણાવ્યું હતું કે બાળકોની નિયમિતતા બાબતે, વાલી જાગૃતિ અંગે, શાળાના સ્થાનિક પ્રશ્નોના ઉકેલ સંદર્ભે, જાહેર કાર્યક્રમોમાં શાળા વ્યવસ્થાપન સમિતિ ખૂબ મદદરૂપ બની છે.
11. તાલુકા સંસાધન કેન્દ્ર (BRC) શાળાની શૈક્ષણિક તથા ભૌતિક સગવડો સંબંધી સમસ્યાઓ નિવારવામાં ઉપયોગી થયા છે એવું 75.12 ટકા આચાર્યોઓ જણાવ્યું હતું.
12. શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે તથા વર્ગખંડની સમસ્યાઓ નિવારવા સંદર્ભે જૂથ સંસાધન કેન્દ્રના કાર્યકર્તાનો સહકાર મળે છે એવું 73.68 ટકા આચાર્યો માનતા હતા.
13. શાળાને મળતાં ભૌતિક સુવિધા માટેના તથા શૈક્ષણિક વિકાસ માટેના અનુદાનથી શાળાનો ભૌતિક તેમજ શૈક્ષણિક વિકાસ થયો છે એવું 91.39 ટકા આચાર્યોએ જણાવ્યું હતું.
14. શાળાના વિદ્યાર્થીઓની ગુણવત્તા સુધારણાના પ્રયત્નોમાં સફળતા મળી છે એવું 77.03 ટકા આચાર્યોએ જણાવ્યું હતું.
15. અધ્યયન-અધ્યાપનની નવી પદ્ધતિઓ, દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો વર્ગમાં ઉપયોગ અંગેનું માર્ગદર્શન, શિક્ષકોને વિદ્વાનો દ્વારા સેવાકાલીન તાલીમમાં માર્ગદર્શન, પ્રવેશોત્સવ, નામાંકન, વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા, વિકલાંગ બાળકોના શિક્ષણની વ્યવસ્થા, વાલી સંપર્ક કાર્યક્રમ જેવા કાર્યક્રમોને કારણે સર્વ શિક્ષા અભિયાન પ્રાથમિક શિક્ષણના ગુણવત્તા સાથે સાર્વત્રિકરણ કરવામાં સફળ થયું છે એવું 75.60 ટકા આચાર્યોનું માનવું હતું.

❖ **સાક્ષ્યપત્રોને આધારે પ્રાપ્ત થયેલાં તારણો (BRC)**

1. શાળાના શિક્ષકો દ્વારા વાલીસંપર્ક, નામનોંધણી, શાળા પ્રવેશોત્સવનું આયોજન તથા ગ્રામ પંચાયત કચેરી તેમજ શાળા વ્યવસ્થાપન સમિતિના સહયોગને કારણે તાલુકા સંસાધન કેન્દ્રની શાળાઓમાં નામાંકનમાં વૃદ્ધિ થઈ છે. એવું તાલુકા સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ જણાવ્યું હતું.
2. તાલુકા સંસાધન કેન્દ્રમાં આવતી શાળાઓમાં ભૌતિક સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો, વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ ઉત્સવોની ઉજવણી, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, કમ્પ્યૂટર શિક્ષણ, મધ્યાહન ભોજન યોજના, ગણવેશ

સહાય, મફત પાઠયપુસ્તક સહાય, વાલીસંપર્ક દ્વારા લોકજાગૃતિ જેવા કાર્યક્રમો તથા દાતાઓ તરફથી શાળા વિકાસ માટે મળતા દાનના કારણે સ્થાયીકરણ વધ્યું છે એમ તાલુકા સંસાધન કેન્દ્રના કોઓર્ડીનેટર માનતા હતાં.

3. તાલુકા સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ જણાવ્યું હતું કે ગુણોત્સવ કાર્યક્રમની રૂપરેખા મુજબ શાળામાં ભૌતિક સુવિધાઓ વધારવામાં આવી છે તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન તથા અમલીકરણને લીધે ઉપરાંત વાલી જાગૃતિ માટે વાલી સંમેલનોના આયોજનને કારણે શાળાઓની ગુણવત્તામાં વૃદ્ધિ થઈ છે.

4. વાચન-ગણન-લેખન કાર્યક્રમ અંતર્ગત રાખવામાં આવતા ઉપચારાત્મક વર્ગોની વ્યવસ્થા, ઉપચારાત્મક વર્ગોમાં ઉપયોગ કરવા માટેના શૈક્ષણિક સાધનોના નિર્માણ માટે મળતું અનુદાન, ઉપચારાત્મક વર્ગોમાં બાળકો પર વ્યકિતગત ધ્યાન, બાળકોની પ્રગતિની ચકાસણી પત્રક તથા સતત માર્ગદર્શન મળતું હોવાથી શાળાનાં બાળકોમાં વાચન-લેખન-ગણનમાં સુધારો થયો છે એવું તાલુકા સંસાધન કેન્દ્રના સહસંયોજકો માનતા હતા.

5. વિકલાંગ બાળકો માટે શિક્ષકોની વ્યવસ્થા, તબીબી તપાસ તથા સારવાર, સાધન સહાય, મુસાફરી પાસ જેવાં વિવિધ સરકારી લાભો અપાવતું પ્રમાણપત્ર ઉપલબ્ધ કરાવવું, ખાસ શિષ્યવૃત્તિ, વિકલાંગતાના પ્રકાર અનુસારના શિક્ષણ માટે અલગ રિસોર્સ ખંડની વ્યવસ્થા, વિકલાંગ બાળકોના પ્રોત્સાહન માટે વિવિધ સ્પર્ધાઓ તથા ઈનામ, વિકલાંગ બાળકોના વાલીઓ માટેનાં સેમિનારોના કારણે વિકલાંગ બાળકોના વાલીઓમાં જાગૃતિ આવી છે એવું તાલુકા સંસાધન કેન્દ્રના કોઓર્ડીનેટરોએ જણાવ્યું હતું.

6. પ્રાથમિક શિક્ષણથી વંચિત રહી ગયેલા 6 થી 14 વર્ષની વયના બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ યોજના હેઠળ અગરિયા વર્ગ, ઈંટોના ભઠ્ઠાના કુટુંબોના બાળકોના વર્ગ, શેરડી કાપતા મજુરોના બાળકોના વર્ગ, મોબાઈલ શાળા, બાળમિત્ર વર્ગની વ્યવસ્થામાં મળતી શૈક્ષણિક સાધન સામગ્રી, સામાન્ય શાળામાં પ્રવેશની પાત્રતા તથા માઈગ્રેશન સર્ટી મળવાને કારણે આવા બાળકો શિક્ષણ લેતા થયા છે તથા પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ થયું છે એવું તાલુકા સંસાધન કેન્દ્રના સહસંયોજકો માનતા હતા.

7. તાલુકા સંસાધન કેન્દ્રના કોઓર્ડીનેટરોએ જણાવ્યું હતું કે કન્યા કેળવણી માટે કન્યાઓની માતાઓને જાગૃત કરવાના કાર્યક્રમો, મીનામંચની પ્રવૃત્તિઓ, કન્યા કેળવણી રથયાત્રા, કન્યા કેળવણી નિધિ, સાયકલ વિતરણ તથા અનાજ વિતરણ, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના જેવી વિવિધ યોજનાઓને કારણે લોકો કન્યા કેળવણી પ્રત્યે જાગૃત થયા છે તથા શાળાઓમાં કન્યાઓની પ્રવેશ સંખ્યામાં મોટો વધારો જોવા મળ્યો છે.

8. સેવાકાલીન તાલીમના વર્ગોમાં શિક્ષકોને વર્ગમાં અધ્યાપન કાર્ય દરમિયાન ઊભી થતી સમસ્યાઓ તથા પ્રશ્નોના ઉકેલ માટે નક્કર માર્ગદર્શન મળે છે. એકમોને અનુરૂપ વિવિધ પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ, પ્રયુકિતઓની ઊંડી સમજ આપવામાં આવે છે. TLM નું નિર્માણ તથા ઉપયોગ અંગે માર્ગદર્શન મળે છે. વિદ્વાન તજ્ઞો દ્વારા આદર્શ નિદર્શન પાઠ રજૂ કરવામાં આવતું હોવાને લીધે શાળાના વર્ગોમાં અધ્યાપનમાં સુધારો જોવા મળ્યો છે એવું તાલુકા સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ જણાવ્યું હતું.

9. શાળાનાં ભૌતિક સાધનો માટે, શૈક્ષણિક સાધનો માટે, વિદ્યાર્થીઓને આવશ્યક શૈક્ષણિક કીટ, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સાધન સહાય, સ્પર્ધાઓ માટે ઈનામ જેવી બાબતોમાં લોકભાગીદારી શકય બની છે એવું મોટેભાગના બી.આર.સી. કોઓર્ડીનેટરાએ જણાવ્યું હતું.

10. શાળામાં ગેરહાજર રહેતા બાળકોને નિયમિત કરવામાં, શાળાની ભૌતિક સુવિધાઓની જાળવણીમાં, કાર્યક્રમોના આયોજન તથા શાળાની શૈક્ષણિક ગુણવત્તા વધે તેનું ધ્યાન રાખવામાં શાળા વ્યવસ્થાપન સમિતિ ખૂબ જ સહાયક બની છે એવા મંતવ્યો તાલુકા સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ આપ્યા હતા.

11. બી.આર.સી. તથા જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા જૂથ સંસાધન કેન્દ્રને ઉપચારાત્મક શિક્ષણ, બાળ મેળા, વિજ્ઞાન મેળા, દિન વિશેષની ઉજવણી, ઈકોકલબની પ્રવૃત્તિ, દૂરવર્તી શિક્ષણના કાર્યક્રમો બાબતે માર્ગદર્શન મળે છે. વિષયવસ્તુના અધ્યાપન બાબતે પડતી મુશ્કેલી નિવારવા તેમજ શિક્ષક સજ્જતા વધારવા અંગે તાલીમનું આયોજન કરવામાં આવે છે એવું બી.આર.સી. કોઓર્ડીનેટરોએ જણાવ્યું હતું.

12. શાળા વ્યવસ્થાપન સમિતિની દેખરેખ હેઠળ શાળાને મળતાં અનુદાનનો શાળાનાં ભૌતિક વિકાસ માટે તથા શૈક્ષણિક વિકાસ માટે યોગ્ય ઉપયોગ થાય એ માટે સી.આર.સી. કોઓર્ડીનેટરનું યોગ્ય માર્ગદર્શન મળે છે. અનુદાનથી મળેલ રકમ તથા ખર્ચનું સમયાંતરે ઓડીટ કરવામાં આવે છે તથા સૂચનો કરવામાં આવે છે એવું તાલુકા સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ જણાવ્યું હતું.

13. શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તાનું સ્તર ઊંચું આવે તે માટે ઉપચારાત્મક વર્ગોનું આયોજન, અંગ્રેજી વિષયના શિક્ષણ માટે વિશેષ આયોજન, ગણિત-વિજ્ઞાન વિષયના કઠિન મુદ્દાઓને સરળ બનાવવા માટેના ઉપાયો અંગેની તાલીમ, વિજ્ઞાન-ગણિત મંડળની રચના, સુલેખન, નિબંધ લેખન, એકમોનું નાટયીકરણ દ્વારા રજૂઆત, કવીઝ જેવી સ્પર્ધાઓનું આયોજન શાળા કક્ષાએ તેમજ બ્લોક કક્ષાએ કરવામાં આવે છે એવું બ્લોક રીસોર્સ સેન્ટરના કોઓર્ડીનેટરોએ જણાવ્યું હતું.

14. સર્વ શિક્ષા અભિયાન દ્વારા જ શાળાની ભૌતિક તેમજ શૈક્ષણિક સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો થયો છે. બાળકોને શૈક્ષણિક વિકાસ માટેની તક, શિક્ષકોની અધ્યાપન સજ્જતા વધારવાના સફળ પ્રયત્નો, શિક્ષણ પ્રત્યે વાલીઓની જાગૃતિ તથા શાળા વિકાસ માટે લોક સહકાર મેળવવા જેવી બાબતો સર્વ શિક્ષા અભિયાનના કાર્યક્રમો દ્વારા શકય બની છે એવું મોટેભાગના તાલુકા સંસાધન કેન્દ્રનાં સહસંયોજકોનું માનવું હતું.

❖ **પ્રશ્નાવલિને આધારે પ્રાપ્ત થયેલાં તારણો (CRC)**

1. નામાંકનને કારણે બાળકોના શાળા પ્રવેશના દરમાં વૃદ્ધિ થઈ છે એવું 100 ટકા જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકોનું સ્પષ્ટ માનવું હતું.

2. તમામ જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ જણાવ્યું હતું કે શાળામાં સ્થાયીકરણનું પ્રમાણ વધ્યું છે.

3. ગુણોત્સવની શાળાના શૈક્ષણિક સ્તરમાં સુધારો થયો છે એવું 88.89 ટકા સંસાધન કેન્દ્રના સહસંયોજકોનું માનવું હતું.

4. મોટેભાગના એટલે કે 94.44 ટકા જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ જણાવ્યું હતું કે શાળા પ્રવેશોત્સવથી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે.

5. વાચન-ગણન-લેખન કાર્યક્રમથી બાળકોના વાચન, ગણન, લેખનના ક્ષેત્રમાં સુધારો થયો છે એવું 88.89 ટકા જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકો માનતા હતા.
6. વિકલાંગ બાળકોને તેની વિકલાંગતાના પ્રકાર પ્રમાણે મળતા શિક્ષણની ગુણવત્તામાં વૃદ્ધિ થઈ છે એવું 77.78 ટકા જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ જણાવ્યું હતું.
7. વૈકલ્પિક શિક્ષણના વર્ગોથી છ વર્ષથી વધુ ઉંમરના તથા શાળામાંથી ઉઠી ગયેલા બાળકોને વયકક્ષા અનુસાર શિક્ષણ મળે છે એવું 61.11 ટકા જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકોનું માનવું હતું.
8. શાળામાં કન્યા કેળવણીનું પ્રમાણ વધ્યું છે એવો ઉત્તર 100 ટકા જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ આપ્યો હતો.
9. શિક્ષકોની તાલીમ વ્યવસ્થા આયોજનબદ્ધ અને ગુણવત્તાયુકત થાય તે એવું 94.44 ટકા જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકોએ જણાવ્યું હતું.
10. ઉત્તરદાતાઓ પૈકી 66.67 ટકાના ઉત્તરદાતાઓનું માનવું હતું કે જૂથ સંસાધન કેન્દ્રની બધી શાળાઓમાં લોકભાગીદારીથી શિક્ષણનું વિસ્તરણ થયું છે.
11. જૂથ સંસાધન કેન્દ્રથી બધી શાળાઓમાં લોકભાગીદારીથી ભૌતિક સુવિધાઓ વધી છે એવું 61.11 ટકા જૂથ સંસાધન કેન્દ્ર સહસંયોજકો માનતા હતા.
12. શાળા વ્યવસ્થાપન સમિતિનો શાળા વિકાસ માટે સહકાર મળે છે એવો ઉત્તર 83.33 ટકા ઉત્તરદાતાઓએ આપ્યો હતો.
13. જૂથ સંસાધન કેન્દ્રના સહસંયોજકો પૈકી 94.44 ટકા સહસંયોજકોનું માનવું હતું કે જૂથ સંસાધન કેન્દ્રના શાળાઓને મળતા માર્ગદર્શનથી શાળાની શૈક્ષણિક સિદ્ધિમાં વધારો થયો છે.
14. શાળાને મળતા અનુદાનથી શાળાનો ભૌતિક વિકાસ થયો છે એવું 94.44 ટકા જૂથ સંસાધન કેન્દ્ર સહસંયોજકોએ જણાવ્યું હતું.
15. શાળાનાા વર્ગ શિક્ષણ કાર્યમાં અધ્યયન-અધ્યાપન સામગ્રીનો યોગ્ય ઉપયોગ થાય છે એવું માનનારા જૂથ સંસાધન કેન્દ્ર સહસંયોજકોની ટકાવારી 88.89 જેટલી હતી.
16. તમામ જૂથ સંસાધન કેન્દ્ર સહસંયોજકોનું સ્પષ્ટ માનવું હતું કે શાળામાં વિદ્યાર્થીઓના શિક્ષણના સ્તરમાં સુધારો થયો છે.

## ૧૫. સમાપન

સંશોધક નમ્રપણે સ્વીકારે છે કે શૈક્ષણિક સંશોધનો અંતિમ સ્વરૂપના હોતા નથી. આ પ્રકારના સંશોધન હાથ ધરાતા જ રહે એ આવશ્યક છે. સંશોધકે સુરત જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ કક્ષાએ સર્વ શિક્ષા અભિયાનનું મૂલ્યાંકન અંગે અભ્યાસ હાથ ધર્યો હતો. જે પ્રાથમિક શિક્ષણ સુધારણા માટે પથદર્શક બની શકે એમ છે.

ભારતમાં જન્મેલા દરેક મનુષ્યને પ્રાથમિક શિક્ષણ મળી રહે એ લોકશાહીના સંરક્ષણ અને સંવર્ધન માટે ભારતની જરૂરિયાત બની છે. લોકશાહીમાં શિક્ષણ એ લોકશાહીનો પ્રાણવાયુ છે. લોકશાહી ભારતમાં નવનિર્માણ માટે પ્રાથમિક શિક્ષણ દ્વારા અક્ષર જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર તેમજ બાળકોમાં પાયાના કૌશલ્યો ખીલવી તેમનામાં સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું ઘડતર થઈ શકે અને નાગરિક તરીકે ચારિત્ર્યનો સમુચિત વિકાસ સાધી શકે તે માટે પ્રાથમિક શિક્ષણ એ દરેક ભારતવાસીની લઘુત્તમ જરૂરિયાત બની છે. ત્યારે પ્રસ્તુત સંશોધન પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણમાં અવરોધક પરિબળોને દૂર કરવામાં માર્ગદર્શકરૂપ બનશે અને ગુણવત્તાયુકત પ્રાથમિક શિક્ષણની પ્રાપ્તિ માટે રાહ ચીંધનારું બનશે તો સંશોધકનો પ્રયાસ સાર્થક ગણાશે.

## સંદર્ભસૂચિ


- સાધુ, પી. (૨૦૦૮). ***કેળવણીના દાર્શનિક આધારો***. અમદાવાદ : અક્ષર પબ્લીકેશન, ગુજરાત રાજય.
- શાહ, ગુણવંત અને દેસાઈ, ધનવંત (૧૯૯૬). ***શિક્ષણ દર્શન***. અમદાવાદ : બી.એસ. શાહ પ્રકાશન, ગુજરાત રાજય.
- લુહાર, કરસનદાસ, (૨૦૧૦). ***શિક્ષક, શિક્ષણ અને કેળવણી***. રાજકોટ : પ્રવીણ પ્રકાશન પ્રા.લિ. રાજકોટ.
- પટેલ, એમ.એમ., (૧૯૮૮). ***ભારતીય શિક્ષણ પંચોની એક ઝલક***, અમદાવાદ : બી.એસ.શાહ પ્રકાશન.
- પટેલ, આર. ડી. અને અન્યો (૨૦૦૬). ***સર્વ શિક્ષા અભિયાન મિશન***. ગાંધીનગર: ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય.

- પંડિત, નલિન, (ઑગસ્ટ, ૨૦૦૩). ***જીવન શિક્ષણ.*** ગાંધીનગર : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ.
- દવે, રવીન્દ્ર (૨૦૧૨). ***શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન.*** ગાંધીનગર : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય.
- શાહ, ડી.બી. (૨૦૦૪). ***શૈક્ષણિક સંશોધન.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
- ઉચાટ, ડી.એ. (૨૦૦૦). ***સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ.*** રાજકોટ : વાસુકી પ્રિન્ટીંગ પ્રેસ, ગુજરાત રાજય.
- પારેખ, બી.યુ. અને ત્રિવેદી, એમ.ડી., (૧૯૯૪). ***શિક્ષણમાં આંકડાશાસ્ત્ર.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
- S.P. Sane, (1960). An Investigation into the condition of Primary Education in the Educationally Backward Parts of the Poona Municipal Corportation Area with Special Reference to.
  [A] Non-Attendance of Pupils coming Under the Provisions of the Primary Act.
  [B] Irregular Attendance of pupils Actually Under Instruction, Poona : A Survey of research in Education, CASE, Poona University, P.503.
- B.S.Goyel (1968). Development of Primary Education in British India. [1905-1921] Baroda : A survey of Research in Education Centre of Advanced Study in Education, M.S.University of Baroda, 1974, P.59-60.
- M.D.Hossain, (1978). A study of the Problems of Introducing Universal Primary Education System in Bangladesh, New Delhi : Second Survey of Research in Education, NCERT, P.252.
- Dutt & Others, (1982). Educational Backwardness of Girl's in Haryana State, New Delhi : Third Survey of Research in Education, NCERT, P.1403.

- T.Patel, (1984). Development of Education Among Tribal Women, New Delhi : Third Survey of Research in Education, NCERT, P.1403.
- Tolu, (1976). The Primary Teacher Education Program's Role in National Development in Bostwana, U.S.A. : UMI, Company Dissertation Abstract International, Vol-46, No.03, P.1211-A.
- http://gujarat-education.gov.in/ssa/information/research_abstract-guj.htm.